**ડાયરેક્ટ ❤ સે**

લાંબી જીભ
અને લાંબો દોરો
હંમેશાં
ગૂંચ ઊભી કરે

# જન્મદિને વધામણી


વાસુ આર ત્રિવેદી
મો. ૯૦૯૯૦ ૭૫૧૯૨


ગેબાભાઈ કે ચૌધરી
નિવૃત્ત તલાટી
મો. ૯૯૦૪૭ ૮૦૩૪૭


રાધેશ્યામ એન ત્રિવેદી
મો. ૯૮૨૪૬ ૧૨૫૬૯


પ્રતીક આર વઘાસીયા
મો. ૯૦૯૯૨ ૯૭૭૦૬


રાજેન્દ્રકુમાર બી સુરતી
મો. ૯૮૯૮૧ ૮૫૬૦૦


જયેષ્ઠા એ પંડ્યા
મો. ૯૪૦૮૩ ૧૮૮૬૩


પ્રિશા કપિલદેવ બેંકર
મો. ૯૬૬૨૦ ૨૦૧૬૦


વેદાંત પુરોહિત

# ભાટની ઈન્સ્ટીટ્યુટ ઑફ ટેકનોલૉજી દ્વારા ઍન્જિનીયરિંગ વર્કશૉપનું આયોજન કરાયું



શ્રી સ્વામીનારાયણ ઈન્સ્ટીટ્યુટ ઑફ ટેકનોલૉજી, ભાટ દ્વારા ઍન્જિનીયરિંગના સ્ટાફ અને વિદ્યાર્થીઓ માટે ડિઝાઈન ઍન્જિનીયરિંગના વર્કશૉપનું આયોજન કરવામાં આવ્યું હતું. જીટીયુના નિષ્ણાત પ્રૉ. કરમજીતસિંહ બિહોલાએ પ્રૅક્ટિકલ ઉદાહરણ સાથે આજના સમયમાં ડિઝાઈન ઍન્જિનીયરિંગનો સ્ટાર્ટ-અપ પ્રૉજેક્ટ અને સ્કિલ ડૅવલપમૅન્ટ માટે ખૂબ જરૂરી છે. યુનિવર્સિટીએ આ વિષય ખાસ ભારતમાં ઉદ્યોગનો વિકાસ અને મેક ઈન ઈન્ડિયા પ્રૉજેક્ટ સફળ થાય તથા યુવા વર્ગને અનેરી તક મળે તે માટે શરૂ કર્યો છે. આ વર્કશૉપમાં ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને પ્રૉફેસર્સે ભાગ લીધો હતો. વિવિધ પ્રૅક્ટિકલ ઍક્ટિવિટી દ્વારા એક નવી પ્રૉડક્ટ બનાવવામાં ડિઝાઈન ઍન્જિનીયરિંગ કઈ રીતે મદદરૂપ થાય તે વિશે વર્કશૉપમાં માહિતી આપવામાં આવી હતી.

# એસ. જી. - એસ. વી. પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને બચતનું મહત્ત્વ સમજાવાયું



એસ. જી. - એસ. વી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ધો -૧ થી ૪નાં બાળકોને બચતના મહત્ત્વ વિષે માહિતી આપવામાં આવી હતી. આજના જમાનામાં બચતનું ઘણું મહત્વ છે. તો બાળકોને બચતનું મહત્ત્વ દર્શાવવા શાળાના ફ્લોર ઈન-ચાર્જ રમેશભાઈએ પી. પી. ટી. તેમજ વિડીયો દ્વારા બચતનો ઉપયોગ, બચત કેવી રીતે કરવી તે વિષે માર્ગદર્શન આપ્યું હતું. બાળકોએ આ કાર્યક્રમમાં ઉત્સાહથી ભાગ લીધો હતો.


# સ્કૂલ ઑફ અચિવર, કુડાસણમાં શાળા કક્ષાની ગુજરાત ક્વિઝ




સ્કૂલ ઑફ અચિવર, કુડાસણમાં શાળા કક્ષાની ગુજરાત ક્વિઝ શુક્રવારે યોજવામાં આવી હતી. ગુજરાત સરકારે કરેલા આયોજન અનુસાર પ્રત્યેક શાળામાં શાળા કક્ષાએ ગુજરાતને કેન્દ્રમાં રાખી ક્વિઝ યોજવાની હતી. સ્કૂલ ઑફ અચિવરમાં ધોરણ-૬થી ૧૦ના વિદ્યાર્થીઓની આ ક્વિઝ યોજવામાં આવી હતી, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ક્વિઝમાં પ્રેક્ષકો તરીકે બેઠેલા વિદ્યાર્થીઓએ પણ સક્રિય ભાગ ભજવ્યો હતો. ઉમાશંકર જોષી, પન્નાલાલ પટેલ, રાજેન્દ્ર શાહ તથા રઘુવીર ચૌધરી નામની ચાર ટીમ વચ્ચે આ સ્પર્ધા યોજાઈ હતી. ખૂબ જ રસાકસીભરી સ્પર્ધા પછી રાજેન્દ્ર શાહ ટીમ વિજેતા જાહેર થઈ હતી. સમગ્ર ક્વિઝનું સંચાલન શિક્ષક અનિરૂદ્ધ ખત્રી અને દક્ષાબેન ચાવડા દ્વારા કરવામાં આવ્યું હતું.

### કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન

# બીબીએ કોલેજના વિદ્યાર્થીઓ હર્ષા ઈલેક્ટ્રોનીક્સની મુલાકાતે




ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ ઍડમિનીસ્ટ્રેશન (બી.બી.એ.)ના પ્રથમ તેમજ દ્વિતીય વર્ષના ૩૬ વિદ્યાર્થીઓએ અમદાવાદનાં મોરૈયા સ્થિત ઔદ્યોગિક વિસ્તારમાં આવેલી પ્રતિષ્ઠિત હર્ષા ઈલેક્ટ્રોનીક્સ ગ્રુપ ઓફ કંપનીની મુલાકાત લીધી હતી. વિદ્યાર્થીઓને ભારતનાં નામાંકિત ઉદ્યોગગૃહની મુલાકાત તેમજ તેની ઝીણવટ ભરી માહિતી કંપનીનાં પદાધિકારીઓ દ્વારા આપવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે. કે બીબીએ કોલેજ નાં વિદ્યાર્થીઓ દર વર્ષે રાજ્ય કક્ષાના મેગ્નેટ નામે મેનેજમેન્ટ પ્રદર્શનનું આયોજન કરે છે, જેમાં પણ આ ઔદ્યોગિક મુલાકાતનો અનુભવ વિવિધ મોડેલ્સની રચના તેમજ મેનેજમેન્ટના સિદ્ધાંતોનાં અમલીકરણ માટે યોગ્ય ઉપયોગ કરશે તેમજ તેમાં શ્રેષ્ઠ મોડેલ્સને કોલેજ તેમજ સમાજની વિવિધ સંસ્થાઓ બિરદાવશે. સમગ્ર મુલાકાત નું સફળતાપૂર્વક આયોજન કોલેજના આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ, પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીના હેડ ડો.જયેશ તન્ના, ધર્મેન્દ્ર રાઠોડ દ્વારા સંપન્ન કરવામાં આવ્યું હતું.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
ટોઈલેટ
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
ઍનાબેલ (અંગ્રેજી)
૩.૦૦, ૭.૩૦
ઍનાબેલ (હિન્દી)
૫.૧૫, ૯.૪૫

**સ્ક્રીન-૪**
તંબુરો (ગુજરાતી)
૧૨.૩૦, ૩.૦૦
૭.૪૫, ૧૦.૦૦
પાર્ટીશન ૧૯૪૭
૫.૩૦

**સ્ક્રીન-૫**
બૅરિલી કી બરફી
૧૦.૦૦, ૧૨.૪૫,
૩.૪૫, ૧૦.૧૫
પાર્ટીશન ૧૯૪૭
૮.૦૦

**જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.**

**- સંપાદક**

# એસએસવી સ્કૂલના ખેલાડીઓનો ઝોનકક્ષાની કબડ્ડીમાં ઉત્કૃષ્ટ દેખાવ

## ખેલાડીઓએ જિલ્લામાં ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર રમત-ગમત કચેરી દ્વારા રમતોત્સવનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લાની વિવિધ શાળાના ખેલાડીઓએ વિવિધ રમતોમાં ભાગ લઈ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો.

ગાંધીનગર શહેર સેક્ટર-૭ સ્થિત જે.એમ. ચૌધરી વિદ્યાલય ખાતે અંડર-૧૯માં ઝોન કક્ષાએ કબડ્ડીની રમત ગત યોજાઈ હતી. આ કબડ્ડીની રમતમાં સેક્ટર-૩ સ્થિત એસએસવી સ્કૂલના ખેલાડીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન બતાવી જિલ્લામાં ત્રીજુ સ્થાન મેળવ્યુ છે. જિલ્લાકક્ષાએ કબડ્ડીની રમતમાં સારો દેખાવ કરનાર ખેલાડીઓને એસએસવીના ટ્રસ્ટીગણ અને પ્રિન્સિપાલે શાળાનું નામ રોશન કરવા બદલ બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.



લીયો ક્લબ ઑફ સિદ્ધિ વિનાયક અને લીયો ક્લબ ઑફ સુરત સિલ્ક સિટી દ્વારા સંયુક્ત રીતે જરૂરિયાતમંદ લોકોને ૪૦૦ જેટલાં ફૂટ પૅકેટ્સનું વિતરણ સુરત વિસ્તારમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે લીયો મલ્ટીપલ પ્રેસિડેન્ટ પ્રિયંકા રાવલ જૈન ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. સિલ્ક સિટી એકમના પ્રેસિડેન્ટ વિનય ચૌધરી, મલ્ટીપલ સૅક્રેટરી વિવેક પાબલા, ટ્રેઝરર હિતેષ સોલંકી, ડિસ્ટ્રીક્ટ હેડ ક્વાર્ટર વંશ અગ્રવાલ અને પીઆરઓ સંકેત ગોર ઉપસ્થિત રહ્યા હતા.




(૧) ૨૦૧૭માં દેશના કયા પ્રસિદ્ધ ફોટોગ્રાફરનું દિલ્હીમાં નિધન થવા પામ્યું છે ?
(એ) વિનોદસિંહ (બી) એસ પોલ
(સી) રઘુ રાય (ડી) મુકેશ ગુપ્તા

(૨) ૨૦૧૭માં કેન્દ્ર સરકારે કેટલા નવા અપાચે ઍટેક હૅલીકૉપ્ટર ખરીદવાની મંજૂરી આપી છે ?
(એ) ૨ (બી) ૪
(સી) ૬ (ડી) ૮

(૩) ભારતે તાજેતરમાં કયા દેશ પાસેથી એઍચ ૬૪ઈ અપાચે હેલીકૉપ્ટર ખરીદ્યાં છે ?
(એ) અમેરિકા (બી) રશિયા
(સી) ફ્રાંસ (ડી) જાપાન

(૪) ૨૦૧૭માં ઈન્ફોસિસ કંપનીના સીઈઓપદેથી કોણે પોતાનું રાજીનામું આપી દીધું છે ?
(એ) વિશાલ ભારદ્વાજ (બી) વિશાલ શિંદે
(સી) વિશાલ રાજગુરુ (ડી) વિશાલ સિક્કા

(૫) ૨૦૧૭માં કયા કેન્દ્રીય મંત્રાલયે ઑગષ્ટ માસમાં 'હરિત દિવાળી સ્વસ્થ દિવાળી' અભિયાનનો શુભારંભ કર્યો છે ?
(એ) આરોગ્ય મંત્રાલય (બી) સાંસ્કૃતિક મંત્રાલય
(સી) વન પર્યાવરણ (ડી) પ્રવાસન મંત્રાલય

(૬) રક્ષા મંત્રાલયે અપાચે હૅલીકૉપ્ટર ખરીદવા મંજૂરી આપી છે તે હેલીકોપ્ટરનું નિર્માણ કઈ કંપની કરી રહી છે ?
(એ) રાફેલ (બી) બોઈંગ
(સી) સ્ટાર્ક (ડી) મિચોન

(૭) વિશ્વના કયા દેશે ભારત, દક્ષિણ કોરિયા અને ઓસ્ટ્રેલિયા સાથે બહુપક્ષીય સુરક્ષા અને રક્ષા સહયોગ વધારવા સહમતિ દાખવી છે ?
(એ) અમેરિકા (બી) જાપાન
(સી) ઉપરના બંને (ડી) ઉપર પૈકી એકપણ નહીં

(૮) મણિમહેશ યાત્રા કયા રાજ્યમાં ચાલી રહી છે ?
(એ) ઉત્તરપ્રદેશ (બી) બિહાર
(સી) ગોવા (ડી) હિમાચલ પ્રદેશ

(૯) ન્યુ ડેવલપમેન્ટ બેન્કની પ્રથમ ક્ષેત્રીય શાખા (કેન્દ્ર) કયા દેશમાં ખુલ્લી મુકાઈ છે ?
(એ) દક્ષિણ આફ્રિકા (બી) રશિયા
(સી) ભારત (ડી) બ્રાઝીલ

(૧૦) દક્ષિણ આફ્રિકામાં ખુલ્લી મુકાયેલી ન્યુ ડૅવલપમૅન્ટ બૅન્કની શાખાનું ઉદ્ઘાટન કોણે કર્યું હતું ?
(એ) વ્લાદીમીર પુતિન (બી) એન્ટોનિયો ગુટેરેશ
(સી) નરેન્દ્ર મોદી (ડી) ઝેકોબ ઝુમા

# શહેરમાં સ્ટ્રીટલાઈટ્સ અને સ્વચ્છતાની સમસ્યા

## તંત્રીને પત્ર

ગાંધીનગરમાં છેલ્લા થોડા દિવસોમાં મોટાભાગની સ્ટ્રીટલાઈટ્સ બંધ રહી છે, અંધારપટ રહ્યો છે એમ કહીએ તો ચાલે. એનું કારણ ટોરેન્ટ પાવરની ભાવ વધારાની માગણી 'જર્ક' દ્વારા નકારી કાઢવામાં આવી છે એ તો નથી ને ! આમેય યુનિટ દીઠ ૩૫ પૈસાનો વધારે ફ્યુઅલ ચાર્જિસના ભાવ વધારાના બહાના હેઠળ વધારી દેવામાં આવ્યો છે. પરંતુ ટૉરેન્ટ પાવર સર્વિસ આપવામાં બહાદુર નથી. ટૉરેન્ટ પાવરમાં કોઈ રણી-ધણી નથી કે જે સ્ટ્રીટલાઈટ પુનઃ ચાલુ કરી શકે. મોટો ફોલ્ટ હોય તો કંપની પ્રેસનોટ આપીને સ્પષ્ટતા કરી શકે છે.

વીજ કંપની મીટર ભાડું રૂા. ૨૦ લે છે પરંતુ મીટરની કિંમત કરતાં ભાડું અનેકગણું વસુલાઈ ગયું છે, તો હવે મીટરભાડું લેવું જરૂરી છે ?

ફિક્સ ચાર્જના નામે રૂા. ૫૦ કયા આધારે અને શા માટે વસુલાય છે તેની સ્પષ્ટતા ટૉરેન્ટ પાવર જાહેર હિતમાં કરે તો સારું. આ મામલે વસાહતમંડળ કંઈક વિચાર કરે !

**- હેમેન્દ્ર ભટ્ટ**

સૅક્ટર-૨ સી

ગાંધીનગર મહાનગરપાલિકાએ સ્વચ્છતા ઝુંબેશ હેઠળ ખાસ કરીને શોપીંગ સૅન્ટર, રેસ્ટોરાં નજીક કચરા માટેની પૈડાંવાળી પેટીઓ મૂકી છે એ સારી બાબત છે. પરંતુ સૅક્ટર્સમાં બંગલો અને ટેનામેન્ટવાળા પાસેથી ઘરે-ઘરે કચરો એકત્રિત કરવા નગરપાલિકાની ગાડીઓ આવે છે. પરંતુ જ્યાં જ્યાં ફ્લેટ્સ આવેલા છે ત્યાં ઉપરના માળે કચરો એકત્ર કરવા કોઈ ફરકતું નથી. જેમ કે સૅક્ટર-૨૩ ખાતે પ્લોટ નં. ૩૩૬માં આઠ ફ્લેટ બાંધેલા છે, જેનો કચરો લેવા ઉપરના માળે કોઈ ફરકતું નથી. જેથી ફ્લેટના રહેવાસીઓ આજુબાજુ કચરો ફેંકી ગંદકી કરે છે. અમારા વિસ્તારમાં આવી ફ્લેટની ઘણી સ્કીમ્સ છે. આ બધા જ ફ્લેટવાળા પોતપોતાનો કચરો ઘરેથી એકત્રિત કરવા સફાઈ કામદારને પગાર આપીને રાખે છે, પરંતુ સેક્ટર-૨૩ પાસે એક મોટી કચરાપેટી જ નગરપાલિકાવાળા ઉપાડી ગયા છે. હવે ફ્લેટવાળા આજુબાજુ કચરો ફેંકીને ગંદકી કરતા રહે છે. જેમ શોપીંગ સૅન્ટર નજીક મોટી કચરાપેટી મૂકાય છે તેમ ફ્લેટ્સ નજીક પણ કચરાપેટી મુકવામાં આવે તો ફ્લેટના રહેવાસીઓ જાતે તેમાં કચરો નાખી શકે અને સ્વચ્છતા જળવાય. નગરપાલિકાએ આ બાબત પર ખાસ ધ્યાન આપવાની જરૂર છે.

**- પ્રો. ઇન્દુભાઈ ભટ્ટ**

બીજી ઑગષ્ટ, ૧૯૬૫ના રોજ જે નગરની પ્રથમ ઈંટ મુકાઈ હતી તે પાટનગર ગાંધીનગરની રચના માટે કૃષિકારોએ પોતાની જમીન આપી દીધી છે. આવી કુલ ૧૦૫૫૪ એકર જમીન છ ગામો સાથે ગાંધીનગરમાં ભેળવી દેવાઈ અને કૃષિકારો પાટનગરના નાગરિક તેમજ મતદાર થઈ ગયા.

જો કે આ ઉદારતા પહેલાં તો સારી અને અસરકારક લાગી પરંતુ સમય જતો ગયો, નવા-નવા કાયદા આવતા ગયા તેમ તેમ કૃષિકારોએ આપેલો ભોગ વિસરાતો ગયો અને હાલ આ છ ગામ અનેક વિટંબણાનો સામનો કરી રહ્યાં છે. એમની વાતો સાંભળવાનીય કોઈ દરકાર લેતું નથી એ ભારે દુખની વાત છે.

અમદાવાદ કે અન્ય ભળેલાં ગામોનાં જૂનાં અને ગામતળનાં મકાનો જેમના હતાં તેમને માલિક બતાવી મહાનગરપાલિકા બિલ વસૂલ કરે છે જ્યારે ગાંધીનગરનાં છ ગામો જેમાં ઈન્દ્રોડા, બોરીજ, આદિવાડા, ધોળાકુવા, પાલજ, બાસણ, ફતેપુરા સામેલ છે ત્યાંનાં ઘર મિલકતવેરાના બિલોમાં અનેક રજૂઆતો, પુરાવાઓ આપવા છતાં ઘરમાલિકને કબજેદાર ગણી મિલકતવેરાની વસૂલી કરવાનું ષડયંત્ર ચાલી રહ્યું છે.

આ છ ગામોનો મોટો પ્રશ્ન એ છે કે તેમના જૂના રેકર્ડ, પંચાયતના દાખલા તમામ હોવા છતાં અને તેમની માલિકીનાં વારસાગત વર્ષો જૂનાં મકાનો હોવા છતાં માલિકી બતાવી આકારણી બિલ આપવામાં આવતું નથી. આ ગામોમાં તબીબી સેવાઓ ઉપલબ્ધ નથી. શાળાઓ છે પણ શિક્ષકો પૂરતા નથી. કમ્પ્યુટર્સ છે પણ પ્રશિક્ષકો નથી. દાખલા કઢાવવા કોઈ જવાબદારી લેતું નથી તેથી અનેક પ્રકારના દાખલાઓ માટે અનેક કચેરીઓમાં ધક્કા ખાવા પડે છે.

યુવાનો ભણે છે પણ નોકરી કે વ્યવસાય મળતો નથી, દબાણ હેઠળ ગ્રામજનોને પરેશાન કરવામાં આવે છે.

પાટનગર થયે ૫૩ વર્ષ થયાં ને પરિવારો બેવડાયા છે પરંતુ જગા ન હોવાથી મૂળ ગામનું ગામતળ વધારવું જોઈએ તેવી પણ માગ અસરગ્રસ્ત ખેડૂતોની છે.

આ કામને અગ્રતા આપવાની આવશ્યકતા છે. આ ગામોની મતદાર યાદી અલગ છે, મતદાન મથકો આપવામાં આવ્યા છે ત્યારે ખરા મકાનમાલિકોને શા માટે કબજેદાર ગણવામાં આવે છે ? એ સમજાતું નથી.

**- ચંદુજી ઠાકોર**
**ભરત દિક્ષિત**

**આ વિભાગમાં પ્રગટ થતાં લખાણો સાથે અખબાર, તંત્રી સંમત છે એમ માની લેવું નહીં**